અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/૨૮૬૧-૨૯૧૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.10/08/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:-ધોરણ-9 અને 11ના કમ્પ્યુટર અધ્યયન વિષયના પાઠ્યક્રમનું માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપ મોકલવા બાબત.

સંદર્ભ:- (1) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:ED/MIS/e-file/3/2025/1297/CHH, તા.17/01/2026
(2) તા.07/08/2026ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:16/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભ-1 દર્શિત પત્રથી ધોરણ-9 અને 11ના કમ્પ્યુટર અધ્યયન વિષયના પાઠ્યપુસ્તકોનો શૈક્ષણિક વર્ષ 2026-27 થી અમલ કરવા અંગે સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. સદર બાબતે સંદર્ભ-2 દર્શિત શૈક્ષણિક સમિતિના ઠરાવથી થયેલ નિર્ણય અન્વયે શૈક્ષણિક વર્ષ 2026-27 થી ધોરણ-9 અને 11માં કમ્પ્યુટર અધ્યયન વિષયના આ સાથે સામેલ પાઠ્યક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ કરવાનો રહેશે. જે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:-ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (માધ્યમિક, સામાન્ય પ્રવાહ) જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331)

## પ્રથમ પરીક્ષા

સમય : 1 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 15 | 15 | 15 | 05 | 50 |
| ટકા(%) | 30% | 30% | 30% | 10% | 100% |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (MCQ) | 50 | 50 |
| | પ્રશ્નોની કુલ સંખ્યા | 50 | 50 |

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | ડેટાબેઝ મૅનેજમૅન્ટ સિસ્ટમનો પરિચય | 10 |
| 2. | લિબ્રે ઑફિસ બેઝનો પરિચય | 07 |
| 3. | ક્વેરીનો ઉપયોગ કરીને ડેટાની પુનઃપ્રાપ્તિ | 06 |
| 4. | ફૉર્મ અને રિપોર્ટ સાથે કાર્ય | 07 |
| 5. | સમસ્યા ઉકેલ : ફ્લો ચાર્ટ અને અલ્ગોરિધમ | 10 |
| 6. | C પ્રોગ્રામિંગનો પરિચય | 10 |
| | કુલ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331)

## દ્વિતીય પરીક્ષા

સમય : 1 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 15 | 15 | 15 | 05 | 50 |
| ટકા(%) | 30% | 30% | 30% | 10% | 100% |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (MCQ) | 50 | 50 |
| | પ્રશ્નોની કુલ સંખ્યા | 50 | 50 |

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | ડેટાબેઝ મૅનેજમૅન્ટ સિસ્ટમનો પરિચય | 03 |
| 2. | લિબ્રે ઑફિસ બેઝનો પરિચય | 02 |
| 3. | ક્વેરીનો ઉપયોગ કરીને ડેટાની પુનઃપ્રાપ્તિ | 02 |
| 4. | ફોર્મ અને રિપોર્ટ સાથે કાર્ય | 02 |
| 5. | સમસ્યા ઉકેલ : ફ્લો ચાર્ટ અને અલ્ગોરિધમ | 03 |
| 6. | C પ્રોગ્રામિંગનો પરિચય | 03 |
| 7. | C ભાષામાં ડેટા પ્રકારો | 11 |
| 8. | ઑપરેટર અને પદાવલિઓ | 12 |
| 9. | ઈનપુટ આઉટપુટ ઑપરેશન | 12 |
| | કુલ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331)

## વાર્ષિક પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 80

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 24 | 24 | 24 | 08 | 80 |
| ટકા(%) | 30% | 30% | 30% | 10% | 100% |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (MCQ) | 80 | 80 |
| | પ્રશ્નોની કુલ સંખ્યા | 80 | 80 |

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | ડેટાબેઝ મૅનેજમેન્ટ સિસ્ટમનો પરિચય | 08 |
| 2. | લિબ્રે ઑફિસ બેઝનો પરિચય | 05 |
| 3. | ક્વેરીનો ઉપયોગ કરીને ડેટાની પુનઃપ્રાપ્તિ | 04 |
| 4. | ફૉર્મ અને રિપોર્ટ સાથે કાર્ય | 05 |
| 5. | સમસ્યા ઉકેલ : ફ્લો ચાર્ટ અને અલ્ગોરિધમ | 06 |
| 6. | C પ્રોગ્રામિંગનો પરિચય | 06 |
| 7. | C ભાષામાં ડેટા પ્રકારો | 06 |
| 8. | ઑપરેટર અને પદાવલિઓ | 06 |
| 9. | ઈનપુટ આઉટપુટ ઑપરેશન | 06 |
| 10. | નિર્ણય લેવાની નિયંત્રણ સંરચનાઓ | 14 |
| 11. | ઑબ્જેક્ટ ઓરિએન્ટેડ અભિગમ અને પ્રોગ્રામિંગ | 14 |
| | કુલ | 80 |

- પ્રથમ સૈદ્ધાંતિક પરીક્ષા (MCQ) : કુલ ગુણ 50
- દ્વિતીય સૈદ્ધાંતિક પરીક્ષા (MCQ) : કુલ ગુણ 50
- વાર્ષિક સૈદ્ધાંતિક પરીક્ષા (MCQ) : કુલ ગુણ 80
- આંતરિક મૂલ્યાંકન : કુલ ગુણ 20 = કુલ ગુણ 200 ÷ 2 = 100 ગુણ
- વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા : કુલ ગુણ 50

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331)

## પાઠ્યક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1. | ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમનો પરિચય | 06 |
| | | 2. | લિબ્રે ઑફિસ બેઝનો પરિચય (અપૂર્ણ) | 09 |
| 2. | જુલાઈ | 2. | લિબ્રે ઑફિસ બેઝનો પરિચય (પૂર્ણ) | 06 |
| | | 3. | ક્વેરીનો ઉપયોગ કરીને ડેટાની પુનઃ પ્રાપ્તિ | 14 |
| 3. | ઑગસ્ટ | 4. | ફોર્મ અને રિપોર્ટ સાથે કાર્ય | 10 |
| | | 5. | સમસ્યા ઉકેલ : ફ્લો ચાર્ટ અને અલ્ગોરિધમ (અપૂર્ણ) | 05 |
| 4. | સપ્ટેમ્બર | 5. | સમસ્યા ઉકેલ : ફ્લો ચાર્ટ અને અલ્ગોરિધમ (પૂર્ણ) | 05 |
| | | 6. | C પ્રોગ્રામિંગનો પરિચય | 10 |
| 5. | ઑક્ટોબર | 7. | C ભાષામાં ડેટા પ્રકારો (અપૂર્ણ) | 10 |
| 6. | નવેમ્બર | 7. | C ભાષામાં ડેટા પ્રકારો (પૂર્ણ) | 05 |
| 7. | ડિસેમ્બર | 8. | ઑપરેટર અને પદાવલિઓ | 18 |
| | | 9. | ઈનપુટ આઉટપુટ ઑપરેશન (અપૂર્ણ) | 02 |
| 8. | જાન્યુઆરી | 9. | ઈનપુટ આઉટપુટ ઑપરેશન (પૂર્ણ) | 10 |
| 9. | ફેબ્રુઆરી | 10 | નિર્ણય લેવાની નિયંત્રણ સંરચનાઓ | 15 |
| 10. | માર્ચ | 11. | ઑબ્જેક્ટ ઓરિએન્ટેડ અભિગમ અને પ્રોગ્રામિંગ | 15 |
| 11. | એપ્રિલ | | પુનરાવર્તન | 05 |
| | | | કુલ તાસ | **145** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11 (વાર્ષિક પરીક્ષા)

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (પ્રાયોગિક) (332)

## પ્રકરણ અનુસાર ગુણભારની ફાળવણી

| ક્રમ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | વાર્ષિક પરીક્ષા પ્રાયોગિક ગુણભાર |
|---|---|---|---|
| 1. | 2. | લિબ્રે ઑફિસ બેઝનો પરિચય | 10 |
| 2. | 3. | ક્વેરીનો ઉપયોગ કરીને ડેટાની પુનઃપ્રાપ્તિ | 5 |
| 3. | 4. | ફૉર્મ અને રિપોર્ટ સાથે કાર્ય | 10 |
| 4. | 7. | C ભાષામાં ડેટા પ્રકારો | 5 |
| 5. | 8. | ઑપરેટર અને પદાવલિઓ | 20 |
| 6. | 9. | ઈનપુટ આઉટપુટ ઑપરેશન | |
| 7. | 10. | નિર્ણય લેવાની નિયંત્રણ સંરચનાઓ | |
| | | કુલ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (પ્રાયોગિક) - (332)

## વાર્ષિક પરીક્ષા (પ્રાયોગિક)

સમય : 1 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** ગુણ : 50

---

1. લિબ્રે ઑફિસ બેઝમાં Student અને Teacher નામના બે ટેબલ બનાવો અને તેમની વચ્ચે રિલેશનશિપ સેટ કરો અને તે ટેબલમાં ડેટા એન્ટ્રી કરો. [10]

2. લિબ્રે ઑફિસ બેઝમાં ઉપરનાં ટેબલનો ઉપયોગ કરીને નીચે માંગ્યા મુજબ ક્વેરી બનાવો. [05]

   (1) લિબ્રે ઑફિસ બેઝમાં ક્વેરીનો ઉપયોગ કરીને જે વિદ્યાર્થીનું નામ 'S' અક્ષરથી શરૂ થતું હોય તે દર્શાવો.

   (2) લિબ્રે ઑફિસ બેઝમાં પેરામીટર ક્વેરીનો ઉપયોગ કરીને ધોરણ 11ના વિદ્યાર્થીઓનું લિસ્ટ દર્શાવો.

3. લિબ્રે ઑફિસ બેઝમાં Student ટેબલનો ઉપયોગ કરીને ફૉર્મ અને રિપોર્ટ બનાવો [10]

4. C ભાષાનો ઉપયોગ કરીને બે integer નંબરનો સરવાળો કરવાનો પ્રોગ્રામ લખો. [05]

5. નીચેનામાંથી કોઈ પણ બે પ્રોગ્રામ લખો : [20]

   (1) C ભાષાનો ઉપયોગ કરીને નીચેની પદાવલિનું મૂલ્યાંકન કરવા માટેનો પ્રોગ્રામ લખો.

   (a + b) - c

   જરૂરી કિંમતો યુઝર પાસેથી લેવી.

   (2) C ભાષાનો ઉપયોગ કરીને 'Gujarat' શબ્દને જુદા જુદા ફૉર્મેટિંગ સ્પેસિફાયરનો ઉપયોગ કરીને દર્શાવો.

   (3) C ભાષામાં if કન્ડિશનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીનું રિઝલ્ટ Pass છે કે Fail તે દર્શાવતો પ્રોગ્રામ લખો.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-11

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) - (331)

## વાર્ષિક પરીક્ષા

સમય : 2 કલાક | **નમૂનાનું પ્રશ્નપત્ર** | ગુણ : 80

---

સુચનાઓ :

- પ્રશ્નપત્રમાં 80 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. વિધાન સાચું બને તે માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
- પ્રશ્નોના ઉત્તર આપવા માટે OMR શીટ આપવામાં આવી છે. દરેક પ્રશ્નો ઉત્તર (A) O, (B) O, (C) O, (D) O, દ્વારા દર્શાવવામાં આવ્યો છે.
- સાચા ઉત્તરના વર્તુળને બોલ-પેનથી ઘાટું કરો ●. જો એક કરતાં વધુ વર્તુળ ઘાટા કરવામાં આવશે તો તે ઉત્તર અમાન્ય ગણવામાં આવશે.
- દરેક પ્રશ્નનો 1 ગુણ છે.

---

**1.** નીચે આપેલમાંથી કયો શબ્દ પ્રોસેસ કરેલા ડેટાનો ઉલ્લેખ કરે છે ?

(A) ઇન્ફોર્મેશન (B) રો
(C) ફેક્ટ્સ (D) ફિલ્ડ

**2.** નીચે આપેલમાંથી કયા ડેટા મોડેલમાં ડેટા એક જ દ્વિ-પરિમાણીય ટેબલ તરીકે રજૂ થાય છે ?

(A) ફ્લેટ (B) રિલેશનલ
(C) રોટેશનલ (D) ફેમિલી

**3.** DBMSમાં ડેટા સંગ્રહ માટેના ટેબલમાં રો ને નીચે આપેલમાંથી શું કહેવામાં આવે છે ?

(A) એન્ટીટી (B) ફિલ્ડ
(C) રેકોર્ડ (D) કોલમ

**4.** DBMSના ટેબલમાં એવું ફિલ્ડ જે ટેબલમાં આવેલી રો ને અનન્ય રીતે ઓળખેં છે, તેને નીચે આપેલમાંથી શું કહેવામાં આવે છે ?

(A) અલ્ટરનેટ કી (B) કેન્ડિડેટ કી
(C) ફોરેન કી (D) પ્રાઈમરી કી

**5.** DBMSમાં ખૂબ મોટા ટેક્સ્ટ બ્લોકને સ્ટોર કરવા માટે નીચે આપેલમાંથી કઈ ટેક્સ્ટ ડેટા ટાઈપ વપરાય છે ?

(A) LONGVARCHAR (B) VARCHAR2
(C) CHAR (D) VARCHAR

**6.** DBMSમાં ન્યુમેરિક ડેટા ટાઈપ SMALLINT મેમરીમાં કેટલા બાઈટ જગ્યા રોકે છે ?

(A) 1 બાઈટ (B) 2 બાઈટ
(C) 3 બાઈટ (D) 4 બાઈટ

7. નીચે આપેલમાંથી કયું ઓપન સોર્સ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમનું ઉદાહરણ છે ?

(A) ઓરેકલ (B) માઈક્રોસોફ્ટ એક્સેસ

(C) માઈક્રોસોફ્ટ એસક્યુએલ સર્વર (D) લિબ્રે ઑફિસ બેઝ

8. નીચે આપેલમાંથી કયું આપણને સરળ અને યુઝર ફ્રેન્ડલી રીતે ટેબલમાં ડેટા એન્ટર કરવાની મંજૂરી આપે છે ?

(A) રિપોર્ટ (B) ક્વેરી

(C) ફોર્મ (D) ફિલ્ડ

9. લિબ્રે ઑફિસ બેઝમાં નીચે આપેલમાંથી કયા ફિલ્ડ પ્રોપર્ટીઝને Not NULL સમકક્ષ ગણી શકાય ?

(A) Default (B) Format

(C) English (D) Required

10. લિબ્રે ઑફિસ બેઝ તેમાં બનાવેલા ડેટાબેઝ અને ડિફોલ્ટ રૂપે નીચે આપેલમાંથી કયું એક્સટેન્શન આપે છે ?

(A) .ods (B) .odb

(C) .dbs (D) .dbms

11. લિબ્રે ઑફિસ બેઝની રિલેશનશીપમાં જો માસ્ટર રેકોર્ડને અપડેટ કરવામાં આવે તો નીચે આપેલમાંથી કયું ઓપ્શન તમામ સંબંધિત ફિલ્ડને પણ સાથે-સાથે અપડેટ કરશે ?

(A) નો એક્શન (B) અપડેટ કાસ્કેડ

(C) ડીલીટ કાસ્કેડ (D) સેટ નલ

12. DBMSમાં જ્યારે એક જ ડેટા એક કરતાં વધુ જગ્યાએ સ્ટોર થયેલ હોય તો નીચે આપેલમાંથી તેને શું કહેવામાં આવે છે ?

(A) રીડન્ડન્સી (B) રિલેશનશિપ

(C) રેફરન્સીપ (D) ડિપેન્ડન્સી

13. લિબ્રે ઑફિસ બેઝના ટેબલમાં રેકોર્ડને ડિલીટ કરવા માટે નીચે આપેલમાંથી કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) File → Delete Record (B) Edit → Delete Record

(C) Format → Delete Record (D) View → Delete Record

14. ડેટા બેઝમાંથી ચોક્કસ માહિતી પુનઃ પ્રાપ્ત કરવા માટે લિબ્રે ઑફિસના બેઝમાં કયા ઑબ્જેક્ટનો ઉપયોગ થાય છે ?

(A) ટેબલ (B) ફોર્મ

(C) ક્વેરી (D) રિપોર્ટ

15. ડેટા બેઝમાં ક્વેરી બનાવવા માટે સૌથી સરળ રીત નીચે આપેલમાંથી કઈ છે ?

(A) ક્વેરી વિઝાર્ડ (B) ક્વેરી ડિઝાઈન

(C) ક્વેરી પ્રિપેર (D) ક્વેરી ડ્રો

16. ડેટાબેઝ ક્વેરીમાં એક અક્ષર માટે નીચે આપેલમાંથી કયા વાઈલ્ડ કાર્ડ કેરેક્ટરનો ઉપયોગ થાય છે ?

(A) *
(B) ?
(C) #
(D) <

17. લિબ્રે ઑફિસ બેઝમાં ક્વેરીને સેવ કરવા માટે નીચે આપેલમાંથી કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) File → Save
(B) Query → Save
(C) Edit → Save
(D) Windows → Save

18. લિબ્રે ઑફિસ બેઝમાં નીચે આપેલમાંથી કયું ઘટક ટેબલમાં સંગ્રહિત ડેટા સાથે સંવાદ કરી શકે છે ?

(A) ડિઝાઈન વ્યૂ
(B) સંબંધ
(C) ફોર્મ
(D) રિપોર્ટ

19. લિબ્રે ઑફિસ ફોર્મમાં નીચે આપેલમાંથી કોણ ટેબલમાં રહેલા રેકોર્ડ્સ વચ્ચે સરળતાથી ફરવાની (આગળ-પાછળ જવાની) સુવિધા આપે છે ?

(A) રેકોર્ડ બાર
(B) સ્ટેટસ બાર
(C) નેવિગેશન બાર
(D) ટાઈટલ બાર

20. લિબ્રે ઑફિસ બેઝમાં પ્રાપ્ત કરેલી માહિતીને આકર્ષક અને વ્યવસ્થિત ફોર્મેટમાં રજૂ કરવાની નીચે આપેલમાંથી કઈ એક ઉત્તમ રીત છે ?

(A) ફોર્મ
(B) ક્વેરી
(C) મેક્રો
(D) રિપોર્ટ

21. લિબ્રે ઑફિસ ડેટાબેઝમાંના ટેબલ અથવા ક્વેરીમાં નવી માહિતી સાથે અપડેટ કરવામાં આવે તો પણ એકવાર બનાવ્યા પછી નીચે આપેલમાંથી કયા રિપોર્ટમાં પ્રદર્શિત ડેટા બદલાતો નથી ?

(A) Static
(B) Dynamic
(C) General
(D) Visual

22. લિબ્રે ઑફિસ બેઝમાં ટેબલના તમામ ઉપલબ્ધ ફિલ્ડને ફોર્મમાં ઉમેરવા માટે નીચે આપેલમાંથી કયા બટનનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) >
(B) >>
(C) <
(C) <<

23. ફ્લો ચાર્ટની શરૂઆત અને અંત માટે નીચે આપેલમાંથી કયું પ્રતીક વપરાય છે ?

(A) લંબચોરસ
(B) ડાયમંડ
(C) અંડાકાર
(D) વર્તુળ

24. અલ્ગોરિધમમાં નીચે આપેલમાંથી કયા કોડનો ઉપયોગ થાય છે ?

(A) સ્યુડો કોડ
(B) અંગ્રેજી કોડ
(C) ડિજિટલ કોડ
(D) સોર્સ કોડ

25. ફ્લો ચાર્ટમાં સિંગલ કેપિટલ અક્ષર ધરાવતું નાનું વર્તુળનું પ્રતીક શેના માટે વપરાય છે ?

(A) પ્રક્રિયા
(B) ઈનપુટ
(C) શરૂઆત અને અંત
(D) કનેક્ટર

26. અલ્ગોરિધમની શરૂઆત નીચે આપેલમાંથી કયા શબ્દ વડે થાય છે ?

(A) CREATE (B) OPEN

(C) MAKE (D) START

27. ફ્લો ચાર્ટમાં નિર્ણય માટે નીચે આપેલમાંથી કયા પ્રતીકનો ઉપયોગ થાય છે ?

(A) લંબચોરસ (B) વર્તુળ

(C) ડાયમંડ (D) ત્રિકોણ

28. નીચેનામાંથી કયું ફ્લો ચાર્ટને એક કરતાં વધુ પૃષ્ઠોમાં વિભાજિત કરવા માટે વપરાય છે ?

(A) એરો અને અક્ષર (B) કનેક્ટર્સ

(C) એરો (D) ખાસ પ્રતીકો

29. C ભાષાનો વિકાસ નીચે આપેલમાંથી કયા કોમ્પ્યૂટર વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવેલ છે ?

(A) રીચી રિચાર્ડ (B) ડેનિસ રિચી

(C) ડેનિયલ (D) ડેનિસ રિચાર્ડ

30. C પ્રોગ્રામની શરૂઆત નીચે આપેલમાંથી કયા ફંક્શનથી થાય છે ?

(A) start() (B) begin()

(C) main() (D) open()

31. નીચે આપેલમાંથી કયો C ભાષાનો કીવર્ડ નથી ?

(A) int (B) abc

(C) return (D) if

32. C ભાષામાં નીચે આપેલમાંથી કઈ એસ્કેપ સિક્વન્સ નવી લાઈન માટે વપરાય છે ?

(A) \t (B) \n

(B) \b (D) \r

33. C ભાષામાં આઈડેન્ટિફાયરની શરૂઆત નીચે આપેલમાંથી કયા અક્ષરથી ન થવી જોઈએ ?

(A) A-Z (B) a-z

(C) _(under score) (D) 0-9

34. C ભાષામાં વિધાનનો અંત લાવવા માટે નીચે આપેલમાંથી કયા પ્રતીકનો ઉપયોગ થાય છે ?

(A) : (કોલન) (B) ; (સેમી કોલન)

(C) , (કોમા) (D) . (ડોટ)

35. C ભાષામાં જે ફંક્શનનું કોઈ મૂલ્ય પાછું નથી આપતું તે નીચે આપેલમાંથી કયા ડેટા પ્રકાર સાથે ઘોષિત કરવામાં આવે છે ?

(A) int (B) struct

(C) void (D) double

36. C ભાષામાં નીચે આપેલમાંથી કયો ડેટા પ્રકાર દશાંશ સંખ્યાઓ સંગ્રહ કરવા ઉપયોગી છે ?

(A) int
(B) char
(C) float
(C) varchar

37. C પ્રોગ્રામમાં sqrt() ફંક્શનનો ઉપયોગ કરવા માટે નીચે આપેલમાંથી કઈ હેડર ફાઈલનો સમાવેશ કરવો જરૂરી છે ?

(A) <stdio.h>
(B) <conio.h>
(C) <math.h>
(D) <strings.h>

38. C ભાષામાં કેરેક્ટર હંમેશાં નીચે આપેલમાંથી શેમાં મૂકવામાં આવે છે ?

(A) ' '
(B) " "
(C) [ ]
(D) < >

39. C ભાષામાં નીચે આપેલમાંથી કયા સ્ટોરેજ ક્લાસના ચલનો આખા પ્રોગ્રામમાં વ્યાપ અને જીવનકાળ બધા ફંક્શનની બહાર વ્યાખ્યાયિત હોય છે ?

(A) Global
(B) Static
(C) Register
(D) Automatic

40. C ભાષામાં નીચે આપેલમાંથી કયું ફોર્મેટ સ્પેસિફાયર signed માટે વપરાય છે ?

(A) %u
(B) %f
(C) %d
(D) %c

41. નીચે આપેલમાંથી કયો C ભાષામાં ગણિતીય ઓપરેટર છે ?

(A) &&
(B) ||
(C) +
(D) !

42. Cમાં આવેલો એક અનોખો ટર્નરી ઓપરેટર કેટલા ઓપરેન્ડ લે છે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

43. C ભાષામાં નીચે આપેલમાંથી કયો તુલનાત્મક ઓપરેટર નથી ?

(A) = =
(B) !=
(C) #
(D) >=

44. C ભાષામાં મોડ્યુલ્સ (%) ઓપરેટરનો પ્રાથમિક હેતુ શો છે ?

(A) શેષ શોધવા
(B) ગુણાકાર કરવા
(C) તાર્કિક AND મૂલ્ય શોધવા
(D) ભાગફળ શોધવા

45. C ભાષામાં નીચે આપેલમાંથી કયો તાર્કિક ઓપરેટર બંને ઓપરેન્ડ સાચા હશે તો સાચું (true) આપશે ?

(A) &&
(B) ||
(C) !
(D) ^

46. C ભાષામાં નીચે આપેલમાંથી કયો વિશેષ ઓપરેટર ડેટા ટાઈપ અથવા ચલની સાઈઝ (બાઈટમાં) આપે છે ?

(A) heightof (B) lengthof

(C) sizeof (D) widthof

47. C ભાષામાં નીચેનામાંથી કયું ફંક્શન એક જ અક્ષર પ્રિન્ટ કરવા માટે વપરાશે ?

(A) puts() (B) fputs()

(C) prints() (D) putchar()

48. C ભાષામાં નીચે આપેલમાંથી કયા ફંક્શનનો ઉપયોગ ખાલી જગ્યા સહિતની આખી લાઈન વાંચવા માટે થાય છે ?

(A) getchar() (B) scanf()

(C) gets() (D) getch()

49. C ભાષામાં ડબલ ક્વોટ ચિહ્ન (") પ્રિન્ટ કરવા માટે સ્ટ્રિંગની અંદર નીચે આપેલમાંથી કયા એસ્કેપ સિક્વન્સનો ઉપયોગ કરી શકાય ?

(A) \\ (B) \"

(C) \' (D) \0

50. C ભાષામાં એસ્કેપ સિક્વન્સ \0 નીચે આપેલમાંથી કયો અર્થ દર્શાવે છે ?

(A) પ્રિન્ટ કરે છે. (B) સ્ટ્રિંગનો અંત દર્શાવે છે

(C) ખાલી જગ્યા દાખલ કરે છે (D) કંઈ જ પ્રિન્ટ કરતું નથી

51. C ભાષામાં નીચે આપેલમાંથી કયું વિધાન Hello "Students" પ્રિન્ટ કરશે ?

(A) printf("Hello "Students"); (B) printf("Hello\"Students\"");

(C) printf("Hello "Students"); (D) printf("Hello Students);

52. C ભાષામાં આઉટપુટ દર્શાવવા માટે નીચે આપેલમાંથી કયું ફંક્શન સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે ?

(A) print() (B) putchart()

(C) puts() (D) printf()

53. C ભાષામાં if-else વિધાનમાં, જો if શરત ખોટી હોય, તો નીચે આપેલમાંથી કયા બ્લોકની અંદરનો કોડ અમલમાં આવે છે ?

(A) if (B) else

(C) do (D) goto

54. C ભાષામાં નીચેના પૈકી કયું વિધાન લૂપનું હાલનું પુનરાવર્તન છોડીને આગળનું પુનરાવર્તન ચાલુ રાખવા માટે વપરાય છે ?

(A) break (B) exit

(C) continue (D) goto

55. C ભાષામાં નીચેના પૈકી કઈ લૂપ ઓછામાં ઓછી એક વખત તો ચોક્કસ ચાલે છે ?

(A) for લૂપ (B) while લૂપ

(C) do-while લૂપ (D) switch

56. C ભાષામાં જ્યારે આપણે એક પછી એક બહુવિધ શરતો ચકાસવાની જરૂર હોય અને ઘણા સંભવિત વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો હોય ત્યારે નીચેનામાંથી શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) else-if લેડર (B) while લૂપ

(C) switch વિધાન (D) for લૂપ

57. C ભાષામાં switch પદાવલિમાં નીચે આપેલમાંથી કયો ડેટા પ્રકાર અયોગ્ય છે ?

(A) int (B) char

(C) float (D) enum

58. C ભાષામાં switch વિધાનમાં જ્યારે આપેલા કેસમાંથી એકપણ સાચો કેસ ન મળે ત્યારે નીચે આપેલમાંથી કયા કેસનો અમલ થાય છે ?

(A) continue (B) break

(C) goto (D) default

59. C ભાષામાં નીચે આપેલમાંથી કયું પુનરાવર્તન (લૂપિંગ) વિધાન નથી ?

(A) for (B) while

(C) do-while (D) switch

60. C ભાષા જ્યારે પુનરાવર્તનની સંખ્યા અજ્ઞાત હોય અને તે કોઈ ચોક્કસ શરત પૂરી થવા પર આધાર રાખતી હોય ત્યારે નીચે આપેલમાંથી કઈ લૂપનો ઉપયોગ થાય છે ?

(A) for (B) while

(C) switch (D) if-else ladder

61. C ભાષામાં નીચે આપેલમાંથી કયા વિધાનનો ઉપયોગ લૂપને તરત જ સમાપ્ત કરી પછીનાં સ્ટેટમેન્ટ પર સ્થાનાંતરિત કરવા માટે થાય છે ?

(A) break (B) continue

(C) exit (D) lineno

62. C ભાષામાં નીચે આપેલમાંથી કયા વિધાનનો ઉપયોગ પ્રોગ્રામના લેબલ કરેલા ભાગ પર જવા માટે થાય છે ?

(A) break (B) continue

(C) goto (D) exit

63. C ભાષામાં નીચે આપેલમાંથી કયું જમ્પિંગ વિધાન નથી ?

(A) break (B) continue

(C) goto (D) exit

64. C ભાષામાં switch બ્લોકની અંદર દરેક અચલ મૂલ્ય નીચે આપેલમાંથી કયા લેબલ પછી દર્શાવવામાં આવે છે ?

(A) case (B) default

(C) expression (D) goto

65. C ભાષામાં સામાન્ય નિર્ણય લેવાના વિધાનોમાં નીચે આપેલમાંથી શેનો ઉપયોગ થતો નથી ?

(A) if (B) if-else

(C) switch (D) do-while

66. C ભાષામાં નીચે આપેલમાંથી કઈ for વિધાનની સાચી વાક્ય રચના છે ?

(A) for(initialization; condition; increment/decrement) {code block}

(B) for(increment/decrement; intialization; condition) {code block}

(C) for(condition; initialization; increment/decrement) {code block}

(D) for(initialization; increment/decrement; condition) {code block}

67. નીચે આપેલમાંથી કયા પ્રોગ્રામિંગમાં ડેટા અને ફંક્શન અલગ હોય છે ?

(A) ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ

(B) પ્રોસિજરલ

(C) કમાન્ડ લાઈન ઇન્ટરફેસ

(D) અલ્ગોરિધમ

68. ઑબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં ઓબ્જેક્ટને નીચે આપેલમાંથી કઈ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે ?

(A) ડેટા ટાઈપ

(B) ક્લાસ બનાવવા માટેની બ્લ્યુ પ્રિન્ટ

(C) વાસ્તવિક દુનિયાની એન્ટીટી

(D) ટાસ્ક

69. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં નીચે આપેલમાંથી કયું બિનજરૂરી વિગતો છુપાવે છે અને માત્ર જરૂરી વિગતો જ દર્શાવે છે ?

(A) એન્કેપ્સ્યુલેશન

(B) એબ્સ્ટ્રેક્શન

(C) એગ્રીગેશન

(D) પોલીમોર્ફિઝમ

70. ડેટા અને ઓપરેશનને એક જ યુનિટમાં જોડાવાની પ્રક્રિયાને નીચે આપેલમાંથી શું કહેવામાં આવે છે ?

(A) મેસેજ પાસિંગ

(B) કંપોઝિશન

(C) એન્કેપ્સુલેશન

(D) એગ્રીગેશન

71. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં એગ્રીગેશન ઓબ્જેક્ટના ભાગો અને મુખ્ય ઓબ્જેક્ટ વચ્ચે નીચેનામાંથી કયા પ્રકારનો સંબંધ રજૂ કરે છે ?

(A) is-a

(B) has-a

(C) part-of

(D) is-kind-of

72. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં બીજા ઓબ્જેક્ટનો ભાગ અને મુખ્ય ઓબ્જેક્ટ વચ્ચેનો સંબંધ part-of હોય તો તેને નીચે આપેલમાંથી શું કહેવામાં આવે છે ?

(A) કમ્પોઝિશન

(B) એગ્રીગેશન

(C) મેસેજ પાસિંગ

(D) ઇન હેરીટન્સ

73. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં નીચે આપેલમાંથી કઈ પ્રક્રિયા દ્વારા એક ક્લાસ બીજા ક્લાસની લાક્ષણિકતાઓને વારસામાં મેળવે છે ?

(A) ઇનહેરીટન્સ

(B) પોલીમોર્ફિઝમ

(C) એગ્રીગેશન

(D) કમ્પોઝિશન

74. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં નીચે આપેલમાંથી કોણ સમાન નામવાળા પરંતુ જુદા જુદા કાર્યો કરતા બે અથવા વધુ ફંક્શનને મંજૂરી આપે છે ?

(A) ઓપરેટર ઓવરલોડિંગ

(B) ફંક્શન ઓવરલોડિંગ

(C) પ્રોસિજર ઓવરલોડિંગ

(D) પેરામીટર ઓવરલોડિંગ

75. ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગમાં ફંક્શન ઓવરલોડિંગ અને ઓપરેટર ઓવરલોડિંગ નીચે આપેલમાંથી શેનું ઉદાહરણ છે ?

(A) ઇનહેરીટન્સ (B) એગ્રીગેશન

(C) પોલીમોર્ફિઝમ (D) કમ્પોઝિશન

76. નીચે આપેલમાંથી કઈ પ્રથમ ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ ભાષા હતી ?

(A) C++ (B) Java

(C) Simula 67 (D) PHP

77. નીચે આપેલમાંથી કઈ ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગ ભાષા 1990ના દાયકાના મધ્યમાં સન માઈક્રોસિસ્ટમમાં વિકસાવવામાં આવી હતી ?

(A) Python (B) C#

(C) Java (D) PHP

78. નીચે આપેલમાંથી કઈ ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગ ભાષા ડેટા સાયન્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ મશીન લર્નિંગ માટે સર્વ સંમત પ્રોગ્રામિંગ ભાષા તરીકે સ્વીકારવામાં આવે છે.

(A) Python (B) JavaScript

(C) C# (D) PHP

79. નીચે આપેલમાંથી શેના દ્વારા બાહ્ય હસ્તક્ષેપ સામે ડેટા અને મેથડને સુરક્ષિત બનાવવામાં આવે છે ?

(A) ઇનહેરીટન્સ (B) પોલીમોર્ફિઝમ

(C) એન્કેપ્સુલેશન (D) એબ્સ્ટ્રેકશન

80 નીચે આપેલમાંથી કઈ ઓબ્જેક્ટ ઓરિએન્ટેડ ભાષા નથી ?

(A) C (B) C++

(C) Java (D) Python